# પેથાપુરમાં જન આંદોલન મોકુફ રખાયું

## એસ.ટી.ના ઉચ્ચ અધિકારીઓએ હાજર રહી રજુઆતો સાંભળીને નિકાલની હૈયાધારણા આપી

ગાંધીનગર, તા. ૧૨

પેથાપુર એસ.ટી. બસ પેસેન્જર એસોસીએશને એસ.ટી.ના પ્રશ્નોનો ઘણા સમયથી નિકાલ ન આવતા જન આંદોલન તા. ૧૦-૩-૧૪ના રોજ રાખેલ હતુ. જે અંગેના સમાચાર 'ગાંધીનગર સમાચાર' અખબારમાં પ્રસિદ્ધ કર્યા હતા. જેના પ્રત્યાઘાત સ્વરૂપે એસ.ટી.ના ઉચ્ચ અધિકારીઓ તે દિવસે પેથાપુર દોડી ગયા હતા અને રજુઆતો સાંભળી પ્રશ્નોના નિકાલની હૈયાધારણા એસોસીએશનને આપતા જન આંદોલન મોકુફ રખાયું હતું.

ગાંધીનગરના પેથાપુરમાં એસ.ટી.ના વણઉકલ્યા ૨૦ મુદ્દા સહિતના પ્રશ્નોના નિવારણ સંદર્ભે તા. ૧૦-૩-૧૪ના રોજ જન આંદોલનનું એલાન કર્યુ હતુ. જેને ગાંધીનગર સમાચારે વિસ્તૃત રીતે અખબારમાં પ્રસિદ્ધ કર્યુ હતુ. જેથી એસ.ટી.ના ડી.ટી.ઓ. શ્રદ્ધાબેન જોષી, ટી.આઈ. ગોવિંદભાઈ પટેલ, એટીઆઈ ડી.બી. ઠાકોર, દિલાવરભાઈ, આઈ.એમ. મલિક, ઘનશ્યામભાઈ પ્રજાપતિ વગેરે અધિકારીઓ પેથાપુર ખાતે હાજર રહી આંદોલન અંગે માહિતી મેળવી કાર્યવાહી કરી હતી. તેમજ ૨૦ મુદ્દાના પ્રશ્નોની અરજી બાબતે ડી.ટી.ઓ. શ્રદ્ધાબેન જોષી દ્વારા ટુંક સમયમાં નિકાલ લાવવાની હૈયાધારણા એસ.ટી. બસ એસોસીએશનને આપી હતી.

જેથી અધિકારીઓની હૈયાધારણાને સ્વીકારીને જનઆંદોલન મોકુફ રખાયું હતું. પરંતુ મહેસાણા અને પાલનપુરના અધિકારીઓએ આ અંગે કોઈ જ સાંતવના ન આપતા આ અંગે એસોસીએશને કાર્યવાહીની માંગ કરી હતી. એસ.ટી.ના પ્રશ્નો બાબતે લડત ચલાવતા એસોસીએશનના ઉપપ્રમુખ ઠક્કર રતીલાલે જણાવ્યું હતું કે એસ.ટી.ના પ્રશ્નોનું નિવારણ ટુંક સમયમાં નહીં આવે તો પુનઃ જનઆંદોલન થવાની શક્યતા નકારી શકાય નહીં. પેથાપુર એસ.ટી. બસ પેસેન્જર એસોસીએશને ગાંધીનગર સમાચારને પ્રજાના પ્રશ્નો બાબતની જાગૃતિને આવકારી આભાર વ્યક્ત કર્યો હતો.

## પાલજ ખાતે રવિવારે હોલી પ્રગટાવવામાં આવશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર પાસેના પાલજ ખાતે વર્ષોથી હોલિકા દહન હોળીના તહેવારના દિવસે કરવામાં આવે છે. આ વર્ષે તા. ૧૬ માર્ચ રવિવારના રોજ મહાકાલી મંદિર ખાતે હોલિકા દહન કરવામાં આવશે.

ગાંધીનગરની પાસે આવેલા પાલજ ગામના મહાકાળી માતાજીના મંદિર ખાતે તા. ૧૬ માર્ચ, રવિવારના રોજ સાંજે ૬-૦૦ કલાકે હોળી પ્રગટાવવામાં આવનાર છે. પાલજના મેળામાં પાટનગર-જિલ્લા ઉપરાંત અમદાવાદ, દહેગામ, પ્રાંતિજ, માણસા અને કલોલની જનતા દર્શનાર્થે આવતી હોય છે.

હોળીના દિવસે અહીંયા ધગધગતા અંગારા ઉપર ચાલવાનું મહત્વ છે. તેમજ લોક વાયકા પ્રમાણે હોળીના ભડકાનો તાપ લેવાથી વર્ષ દરમિયાન તાવ પણ આવતો નથી તેમ હોળીના દર્શનાર્થે આવનાર દર્શનાર્થીઓને શ્રી પાલજ મહાકાળી માતા ટ્રસ્ટે જણાવ્યું છે.

## સરઢવ રોડ પરથી દારૂ-બિયર સાથે એક શખ્સ પકડાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીક સરઢવ ગામ પાસે રોડ પરથી દારૂ-બિયર લઈને વેચવા નીકળેલા એક શખ્સ પેથાપુર પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. મુળ રાજસ્થાન ઝાલોદનો અને હાલ સરઢવ ગામમાં રહેતો વિષ્ણુ હરજી પ્રજાપતિ (મારવાડી) ૩ નંગ વિદેશી દારૂની બોટલ તથા ૪ નંગ બિયર મળી રૂ. ૧૫૨૫ સાથે ઝડપાઈ જતા તેની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા પેથાપુર પોલીસે તજવીજ શરૂ કરી છે.

## એસ.ટી. સ્ટેન્ડ પાસે તારની ફેન્સીંગ કરાતા રીક્ષા ચાલકોને હાલાકી

ગાંધીનગર, તા.૧૨

ઘ-૩ સર્કલ પાસે ઈન્દ્રોડા બોડરની રીક્ષાઓ ઉભી રહેશે. એસ.ટી. ડેપોની પાસેના રીક્ષા સ્ટેન્ડની ચાલકો પોતાનું પેટીયું રળવા માટે રીક્ષા લઈને ઉભા રહેતા હોય છે. હાલમાં તંત્ર દ્વારા રીક્ષા ઉભી રહેતી ખુલ્લી જગ્યામાં તંત્ર દ્વારા તાર ફેન્સીંગ ફાળવવામાં આવે છતાં પણ તંત્ર દ્વારા જગ્યા ફાળવવામાં આનાકાની કરી રહી છે.

તેમજ વધુમાં જણાવ્યું હતું કે



ખુલ્લી જગ્યામાં તંત્ર દ્વારા તાર ફેન્સીંગ કરવામાં આવી રહી છે ત્યારે રીક્ષાવાળા પોતાની રીક્ષા સાથે કયાં ઉભા રહેશે તે યક્ષ પ્રશ્ન થઈ ગયો છે. સત્તાવાર તંત્રને અનેક વખત રીક્ષા સ્ટેન્ડ ફાળવવાની રજૂઆત કરવામાં આવી હોવા છતાં સ્ટેન્ડ ફાળવવામાં ન આવતા રીક્ષા ચાલકો ચિંતીત થઈ ગયા છે.

ગાંધીનગર મુખ્ય બસ મથક હોવાથી બસ મથકની બહાર રીક્ષા કરવામાં આવતા રીક્ષા ચાલકોને પોતાની રીક્ષા ઉભી રાખવા માટે સમસ્યા થઈ ઉઠી છે.

ઈન્દ્રોડા બોર્ડર કહેવાતા રીક્ષા સ્ટેન્ડ પર ઈન્દ્રોડાની ૩૦ થી ૩૫ રીક્ષાઓ અહીંયા ઉભી રાખવામાં આવે છે ત્યારે રીક્ષા ચાલકો બાબુજી મકવાણા, દશરથજી મકવાણા, રૂપસંગજી ઠાકોરે જણાવ્યું હતું કે અમે તંત્ર સામે અનેક વાર લેખિત અરજી કરી છે કે અમને રીક્ષા સ્ટેન્ડ પાટનગરનું નિર્માણ કરવામાં આમારા પૂર્વજોનો સહયોગ રહ્યો છે. અમારા પૂર્વજોએ સરકારને જમીન આપી છે ત્યારે જે નગરની રચનામાં અમે જમીન આપી દીધી છે ત્યારે અમારી પાસે જીવન નિર્વાહ માટે અમારી પાસે કોઈ જ રસ્તો નથી. અમે અમારું જીવન રીક્ષા ચલાવી ગુજારીએ છીએ ત્યારે તંત્ર અમારી સામે કુણું વલણ દાખવી અમને રીક્ષા સ્ટેન્ડ ફાળવી આપે.

# વિશ્વ ગ્રાહક દિન નિમિત્તે આજથી ગ્રાહક સપ્તાહ ઉજવાશે

### ગ્રાહક સપ્તાહ દરમિયાન રોડ શો યોજાશે : ૫૦,૦૦૦ પત્રિકાઓ વહેંચી ગ્રાહકોને જાગૃત કરાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિ દ્વારા આગામી ૧૫મી માર્ચે વિશ્વ ગ્રાહક દિન નિમિત્તે તા. ૧૨મી માર્ચથી તા. ૧૮મી માર્ચ સુધી ગ્રાહક સપ્તાહની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી દરમ્યાન તમામ સરકારી કચેરીઓ, વિધાનસભા અને જુના-નવા સચિવાલય તરફથી ગ્રાહક હિતોના રક્ષણ અંગે રોડ શૉ નો કાર્યક્રમનું આયોજન કરાયું છે.

ગ્રાહકના હિતોની જાણકારી આ સપ્તાહ દરમ્યાન આપવાની સાથે સાથે ગ્રાહકોની શારિરીક સુરક્ષા, ગ્રાહકના આર્થિક હિતનું રક્ષણ અને ઉત્તેજન, વપરાશી ચીજવસ્તુઓ અને સેવા માટેની સુરક્ષા અને ગુણવત્તા અંગેના ધોરણો, વપરાશી વસ્તુઓ અને સેવાના વિતરણ માટેની સવલતો, ફરિયાદ નિવારણ કરવા માટેના ગ્રાહક ઉપાયો, ચીજવસ્તુની માહિતી મેળવવાનો અધિકાર, જે વસ્તુ ખરીદે છે તે અંગે શંકા જાગે તો તે ગ્રાહક તરીકેના રક્ષણનો અધિકાર, જીવન જરૂરી સેવા મેળવવાનો તેનો અબાધિત અધિકાર, યોગ્ય અધિકારીને ફરિયાદ કરવા અને યોગ્ય શિક્ષણ મેળવવા બાબત ગ્રાહકને વિવિધ રીતે જાણકારી આપી જાગૃત કરવાના પ્રયાસ કરાશે. આ પ્રયાસ માટે ૫૦,૦૦૦ પત્રિકાઓ છપાવી ઘરે-ઘરે, સરકારી કચેરીઓ, જિલ્લા પંચાયત, કલેક્ટર કચેરી, પાટનગર યોજના, મીના બજાર સચિવાલય, સે.૨૧, ૭, ૬ની શાકમાર્કેટ, પાણી પુરવઠા કચેરી, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પોલીસ સ્ટેશન, રેલવે સ્ટેશન, એસ.ટી. બસ સ્ટેન્ડ, સીટી બસસ્ટેન્ડ, ચરેડી છાપરા, સે.૨૮, સે.૧૩ છાપરા, સે-૨૪ ઈન્દીરાનગર અને પાલજ ખાતે હોળીના તહેવાર નિમિત્તે વહેંચવામાં આવશે.

## વિદેશી દારૂના જથ્થા સાથે એકની ધરપકડ

ગાંધીના ગુજરાતમાં દારૂ પર સ્પષ્ટ પ્રતિબંધ હોવા છતાં રાજ્યમાંથી સમયાંતરે ગેરકાયદેસરનો દારૂનો જથ્થો મળી આવવાના બનાવો પ્રકાશમાં આવતા હોય છે. ત્યારે ગત મોડીરાત્રીના ક્રાઈમબ્રાન્ચની ટીમે પેટ્રોલીંગ દરમ્યાન બાતમીના આધારે ગોતા ઓવરબ્રીજ પાસેથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં સફળતા મળી છે. આરોપી ઘનશ્યામભાઈ ઉર્ફે બાદશાહ ખોડીદાસ રાણા (ઉ. ૩૭)ની કારમાંથી વગર પાસ પરમીટનો ગેરકાયદસેરનો વિદેશી દારૂની બોટલો નંગ ૭૫૬ તથા બિયરના ટીન નંગ ૧૨૦ મળી રૂ. ૧,૯૫,૬૦૦ની મત્તાનો દારૂ તેમજ કાર, એક મોબાઈલ ફોન તથા રોકડ રૂપિયા મળી રૂ. ૬,૯૭,૪૩૦ની મતા સાથે ગતરાત્રીના ૧૧ વાગ્યે ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

## ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા સર્ટીફીકેટ કોર્ષનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા વેસ્ટર્ન રીજન ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ અઠવાડિયાનો સર્ટીફીકેટ કોર્ષ સ્પોર્ટસ કોચીંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બેડમીન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, જીમ્નાસ્ટિક, હેન્ડબોલ, ટેબલ ટેનિસ તથા વોલીબોલ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ કોર્ષ કરવા ઈચ્છુક રમતવીરોએ વેબસાઈટ www.nsnis.org પરથી ડાઉન લોડ કરી તેને ભરી તા. ૩૧ માર્ચ સુધી ફોર્મ મોકલી આપવાનું રહેશે. જરુરી લાયકાત મુજબ ધોરણ-૧૨ પાસ કરેલ હોવું જોઈએ ઉપરાંત જિલ્લા, યુનિવર્સિટી અને રાજય કક્ષાએ રમતક્ષેત્રે ભાગ લીધેલ હોવો જોઈએ. આ કોર્ષનો સમય ગાળો તા. ૧૫ મે ૨૦૧૪ થી ૨૪ જૂન ૨૦૧૪ સુધી રહેશે. આ કોર્ષ અંગેની વધુ માહિતી માટે દિનેશ બડમાલીયા ઈન્ચાર્જ એકેડમીક (મો.) ૯૪૨૭૨ ૨૦૨૧૦ તથા ડૉ. ડેવીડ મેથ્યુ કોર્સ કો-ઓર્ડિનેટર (મો) ૮૧૨૮૮ ૨૧૭૯૫ પર સંપર્ક કરી શકશો.

## એચઆઈવી પોઝીટીવ લોકો સાથે કરાતા ભેદભાવને નાથવા રીસ્પોન્સ ટીમની રચના

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વીથ એચ.આઈ.વી. એઈડ્સ એટલે કે ગાંધી એનપી પ્લસ સંસ્થાના કેર એન્ડ સપોર્ટ સેન્ટર દ્વારા સમાજમાં એચઆઈવી પોઝીટીવ લોકો પ્રત્યે કરાતા ભેદભાવને પદ્ધતિસર ઓળખવા માટે જિલ્લા સંગઠન દ્વારા ડીસ્ક્રમીનેશન રીસ્પોન્સ ટીમની સ્થાપના કરવામાં આવી છે. આ સીસ્ટમ બનાવવાનો મુખ્ય ઉદ્દેશ એચઆઈવી પોઝીટીવ લોકોને ભેદભાવના જુદા જુદા પાસાઓને સમજવા સમર્થ બનાવવાનો છે.

એચઆઈવી પોઝીટીવ અને એઈડ્સગ્રસ્ત દર્દીઓને સારવાર તેમજ સમાજમાં યોગ્ય મોભો અને સ્થાન મળે તે માટે કાર્યરત ગાંધી એનપી પ્લસ સંસ્થા દ્વારા વિદ્વાન પ્રોજેક્ટ હાથ ધરાયો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત દરેક જિલ્લામાં કેર એન્ડ સપોર્ટ સેન્ટરો સ્થાપીને એચઆઈવી પોઝીટીવ લોકોને હૂંફ અને સારવાર આપવાનું ભગીરથ કાર્ય કરાય છે. સંસ્થાના અથાગ પ્રયત્નો છતાં સમાજમાં એચઆઈવી પોઝીટીવ લોકોને સમાજની મુખ્યધારા બહાર મુકી દેવાયા છે. કારણ કે એચઆઈવી અંગે સમાજમાં અનકે ખોટી માન્યતાઓ પ્રવર્તી રહી છે. સમાજમાં ગેરસમજને કારણે કરાતા ભેદભાવથી એચઆઈવી પોઝીટીવ લોકોની લાગણીઓને ઠેસ પહોંચે છે. અને તેમના માનવ તરીકેના મૂળભૂત હકોનું પણ હનન થાય છે. આપણા દેશમાં ભેદભાવ અંગેના કાનૂનના અભાવને કારણે આ લોકોને સતત ભેદભાવનો સામનો કરવો પડી રહ્યો છે. જે ક્યારેક કાર્યસ્થળ પર કે સારવાર લેવા અથવા પરિવારમાં શિક્ષણ મેળવવામાં અનુભવાઈ રહ્યો છે. આ સાથે તેમની ગુપ્તતા ભંગ થવાના પણ કિસ્સા બની રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે એચઆઈવી પોઝીટીવ લોકોનો સમાજ, પરિવાર, સારવાર અને મિલ્કતમાંથી બહિષ્કાર થઈ રહ્યો હોવાના અનુભવોથી આ દર્દીઓના જીવનધોરણમાં ગુણવત્તા વધારવા માટે તેમની સાથે થતા ભેદભાવને ઓળખવા એનજીઓ અને કારકુની મદદથી ડીસ્ક્રીમીનેશન રીસ્પોન્સ ટીમનું ગઠન કરાયું છે.

## સરખેજ ખાતે આધેડ સફાઈ કામદારની ઘાતકી હત્યા થઈ

### અકસ્માત થયો છે અને સારવાર કરાવવામાં આવ્યા બાદ ઘરે મુકવા આવ્યા છીએ તેમ કહીને ઘણા લોકો મુકી ગયા

અમદાવાદ, તા.૧૨

શહેરમાં ગુનાખોરીએ તો જાણે માઝા મુકી છે. શહેરમાં ૨૪ કલાકમાં હત્યાના ત્રણ બનાવોથી ચકચાર મચી જવા પામી છે ત્યારે સરખેજમાં આધેડ ઉંમરના સફાઈ કામદારને રીક્ષામાં બે-ત્રણ શખ્સો બેભાનની હાલતમાં ઘરે મુકી ગયા હતા અને કહ્યું કે તેમનો અકસ્માત થયો છે. માટે સારવાર કરાવીને ઘરે પરત મુકવા આવ્યા છે. આમ કહી રીક્ષાચાલક સહિતના તમામ ત્યાંથી ચાલ્યા ગયા હતા.

બાદમાં પરિવારજનો તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે સફાઈ કામદારને મૃત જાહેર કર્યા હતા. રહસ્યમય સંજોગોમાં થયેલ મોત અંગે સરખેજ પોલીસે ગુનો દાખલ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર સરખેજ વિસ્તારમાં રહેતા જોયકુમાર સિગરેટીયા (ઉ.૪૬) પોતાના પરિવારજનો સાથે રહે છે. ગતરોજ જોય કોઈ કારણસર પોતાના ઘરની બહાર નીકળ્યા હતા બાદમાં મોડી સાંજે તેમના ઘરે ત્રણ શખ્સો જોયકુમારને બેભાન અવસ્થામાં લાવીને પરિવારજનોને કહ્યું કે તેમનો અખસ્માત થયો હતો અને તેમને સારવાર અપાવી છે. ત્યારબાદ રીક્ષાચાલક સહિતના ત્રણેય જતા રહ્યા હતા.

બાદમાં પરિવારજનો જોયકુમારને વીએસ હોસ્પિટમલાં લઈ ગયા હતા ત્યાં ફરજ પરના ડોક્ટરે જોયકુમારને મૃત જાહેર કરતા પરિવારજનો પર દુઃખના વાદળ તુટી પડ્યા હતા. બાદમાં જોયકુમારની હત્યા કરાય હોવાની શંકા જતાં પરિવારજનોએ આ મામલે સરખેજ પોલીસને જાણ કરી હતી બાદમાં પોલીસે જોયકુમારના મૃતદેહને પીએમ માટે મોકલી આપીને વધુ તપાસ હાથ ધરી હતી.

## લીંબડીયા કેનાલમાંથી રિક્ષાનાં ડ્રાઈવરનો મૃતદેહ મળી આવ્યો

### પ્રાંતિજનો યુવાન ડ્રાઈવર ત્રણેક દિવસથી લાપતા હતો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક સ્થિત લીંબડીયા નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે મૃતદેહ કઢાવી તપાસ કરતાં સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના તાજપુર કૂઈ ગામનાં રિક્ષા ચાલક યુવાનનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

કેનાલ સિક્યુરીટી ગાર્ડ આજે બપોરે પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન લીંબડીયા નર્મદા કેનાલમાંથી એક યુવાનનો મૃતદેહ મળી આવતા ડભોડા પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. પોલીસે મૃતદેહ બહાર કાઢી તપાસ કરતાં સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના તાજપુર કૂઈ ગામનો રિક્ષા ડ્રાઈવર ૨૧ વર્ષીય યુવાન પંકેશ ચંદુભાઈ રાવલ હોવાનું બહાર આવ્યું હતું. પંકેશ ત્રણેક દિવસથી લાપતા હતો. દરમિયાન આજે તેનો કેનાલમાંથી મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે મૃતક યુવાનના પરિવારજનોને જાણ કરી બોલાવી લીધા હતાં. મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ડભોડા પોલીસે ઊંડી તપાસ શરુ કરી છે.

## વિસનગરા નાગર પરિવાર દ્વારા ૨૧મો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર દ્વારા ૨૧મો પાટોત્સવ તા. ૧૪ એપ્રિલના રોજ પરંપરાગત રીતે ઉજવવામાં આવનાર છે. પાટોત્સવ નિમિત્તે રૂદ્રાભિષેક નર્મદેશ્વર મહાદેવ સેકટર-૧૭ ખાતે યોજાશે. રૂદ્રાભિષેકમાં ભાગ લેવા ઈચ્છુક સભ્યોએ તા. ૩૧ માર્ચ સુધી સંસ્થાના પ્રમુખ/મંત્રી પાસે નામ નોંધાવવાનું રહેશે. તેમજ પરિવારની સામાન્ય સભા તા. ૧૪ એપ્રિલ, નર્મદેશ્વર મહાદેવ સેકટર-૧૭ ખાતે યોજવામાં આવશે.

૨૧મા પાટોત્સવમાં શ્રી હાટકેશદાદાની પધરામણી અને શોભાયાત્રા કાઢવામાં આશે. શોભાયાત્રા તા. ૧૪ એપ્રિલના રોજ નર્મદેશ્વર મહાદેવથી પંચદેવ મંદિરથી પરત ફરશે. દાદાની પધરામણી માટે ડૉ. પ્રમોદચંદ્ર મહેતા સે-૨-ડી મહેશભાઈ રાવલ-સે-૭-ડી, કૌશિકભાઈ રાવલ સે-૨૫ ને ભગવતી પ્રસાદ રાવલ, સે-૨૨ પાસે નામ નોંધાવી શકાશે તેમ પ્રમુખ સુરેશભાઈ મહેતાએ જણાવ્યું છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૮

સૂર્યાસ્ત : ૬.૪૨

### તાપમાન

મહત્તમ : ૩૪.૩ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૩૩ ટકા ● સાંજે ૨૪ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

શાદી કે સાઈડ ઈફેકટસ : ૮.૪૦, ૧૧.૪૦, ૨.૪૦

રાઈસ ઑફ એન એમ્પાયર : ૬.૧૦, ૮.૩૦, ૧૦.૫૦

: સ્ક્રીન-૨ :

શાદી કે સાઈ ઈફેક્ટસ : ૯.૪૦, ૧૨.૪૦, ૩.૧૦, ૬.૪૦, ૯.૪૦

: સ્ક્રીન-૩ :

હાઈવે : ૧૦.૫૫, ૧.૪૦, ૭.૩૫, ૧૦.૨૦

ગુન્ડે : ૪.૨૫

: સ્ક્રીન-૪ :

શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

**આર વર્લ્ડ**

: સ્ક્રીન-૧ :

ક્વીન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

શાદી કે સાઈડ ઈફેક્ટ : ૪.૩૦

: સ્ક્રીન-૨ :

ગુલાબ ગેંન્ગ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

ટોટલ સીયાપા : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :

રાઈસ ઓફ એન એમ્પાર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ગુન્ડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

રાઈસ ઑફ એન એમ્પાર : ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

અનુરાધા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦

ગુન્ડે : ૭.૧૫, ૧૦.૧૫

**ચિરાગ સિનેમા(કલોલ)**

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા 'વાહ ગુરુ' નામક નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

**શૈક્ષણિક**

- કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા વાર્ષિક મહોત્સવ સવારે ૯.૦૦ કલાકે, ખીમજીભાઈ વિસરામ હોલ, સેકટર-૨૩ ખાતે યોજાશે.

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. જયંતિલાલ મોહનલાલ ઓઝા(ઉ.વ. ૮૯) બ્લોક નં. ૩૮/૪૫૩, સત્યમ એપાર્ટમેન્ટ, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. શારદાબેન ઉદાજી સોલંકી(ઉ.વ. ૭૪) મુ.પો. ડભોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રઈબેન સોમાભાઈ પટેલ(ઉ.વ. ૭૫) મુ.પો. ચિલોડા મોટા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સુરેશભાઈ કાન્તીજી ઠાકોર(ઉ.વ. ૨૫) મુ.પો. પિંડારડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મનહરસિંહ લક્ષ્મણસિંહ રાઠોડ(ઉ.વ. ૫૩) પ્લોટ નં. ૬૨૪/૨, સેકટર-૩૦, ગાંધીનગર.